હરિ ૐ આશ્રમ પ્રેરિત

૪૦




# રમેશ પારેખ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

• રમેશ —

હરિ ૐ આશ્રમ-પ્રેરિત

શ્રી નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

પુસ્તક પચ્ચીસમું

૨૬

# ચીં

રમેશ પારેખ

ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

○ પ્રકાશક : રઘુવીર ચૌધરી, મંત્રી, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદ-૯

○ © રમેશ પારેખ

○ પ્રથમ આવૃત્તિ : ૧૯૮૦ : પ્રત : ૧૨૫૦

○ આવરણ : રમેશ પારેખ

○ કિંમત રૂ. ૩-૦૦

## ○ આભાર

○ રઘુવીર ચૌધરી, ચંદ્રકાન્ત શેઠ, હરીન્દ્ર દવે, ધનશ્યામ દેસાઇ, સુરેશ દલાલ, ધીરુ પરીખ, વિનુભાઈ પટેલ, શ્રદ્ધા દવે, હરિકૃષ્ણ પાઠક, ગુજરાતી સાહિત્ય પરિષદ અને કાન્તિભાઈ મિસ્ત્રીનો.

○ કવિતા, કવિલોક, પ્રવાસી (જન્મભૂમિ), લોકલહરી, સમર્પણ, બાલમસ્તી, આકાશવાણી-રાજકોટનો.

○ હાઉક, દે તાલ્લી અને એના દોસ્તોનો...

રમેશ પારેખ

○ મુદ્રક : કાન્તિભાઈ મ. મિસ્ત્રી, આદિત્ય મુદ્રણાલય, રાયખડ, અમદાવાદ-૧

શ્રી ઝીણાભાઈ દેસાઈ ('સ્નેહરશ્મિ')ને

—જેમનાં બાળકાવ્યોએ મારા બચપણને ગાતું કર્યું હતું....

○

શ્રી સુરેશ દલાલને

—જેમણે મારાં/તમારાં શિશુઓને લખલૂંટ બાળકાવ્યો આપ્યાં છે....

રમેશ પારેખ

# શ્રી. નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા

## પચ્ચીસમું પ્રકાશન

શ્રી હરિ ૐ આશ્રમ તરફથી બાળકોનું ચારિત્ર્ય-ઘડતર કરે તેવા બાલસાહિત્યના સર્જન માટે ગુજરાતી સાહિત્ય પરિષદને રૂ. ૧૨૦૦૦નું દાન આપવામાં આવ્યું હતું. આનો હેતુ બાળકોમાં અભય, ઔદાર્ય, ત્યાગ, ધર્મ, તિતિક્ષા, સહાયવૃત્તિ, મતાંતરક્ષમા, સાહસ, શૌર્ય, પ્રેમ, સદ્‌ભાવ જેવા ઉદાત્ત ગુણો અને ભાવનાઓ પ્રેરે તેવા બાલસાહિત્યનું સર્જન કરવાનો રાખવામાં આવ્યો હતો. આ ઉદ્દેશને પ્રગટ કરતાં ચરિત્રો, વાર્તાઓ અને કથાકાવ્યો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવ્યાં છે. આંતરરાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે આઠ જેટલાં પુસ્તકો પ્રગટ કર્યાં. આજે આ ગ્રંથમાળાનું પચ્ચીસમું પુસ્તક પ્રસિદ્ધ થઈ રહ્યું છે. શ્રી રમેશ પારેખનાં બાળકાવ્યોનો સંગ્રહ ‘ ચી ’ બાળકો હોંશે હોંશે વાંચશે.

ગુજરાતનાં બાળકોએ અગાઉ જે રીતે અમારાં પ્રકાશનોને આનંદથી સ્વીકાર્યાં છે, તે રીતે આ બાળ-કાવ્યોના સંગ્રહને સ્વીકારશે તેવી અમને શ્રદ્ધા છે.

તા. ૧૫-૧૦-૧૯૮૦

મંત્રીઓ
ગુજરાતી સાહિત્ય પરિષદ

□

C/o ચંદ્રકાન્ત શેઠ
અમદાવાદ–૧૫
સત્તાવીશમી એપ્રિલ, ૧૯૮૦

**વહાલા નેહાના પપ્પાજી,**

આજે સવારે તમારું 'ચીં' સાંભળતાં હતાં તે દરમ્યાન ફરર ફરર એક પછી એક, ગણીને દસ ચકલીઓ આવી; એમાં ચકલો એકેય નહીં! આ કંઈ ચાલે? અમારી વાર્તામાં તો ચકલી સાથે – ચકી સાથે ચકો હોય, હોય ને હોય જ! જોકે એમ તો તમેય અમારી 'કચકચ'ની બીક ચકાચકીને રાખ્યાં છે સાથે, પણ તમને એમની પાસે ખીચડી જેવું કંઈ કરાવવાનું તો સૂઝયું જ નહીં! આ ન ચલાવી લેવાય!

ને ભાઈ, તમે પેલા પતંગિયાભાઈને લઈ આવ્યા તે તો 'વેરી ગુડ', પણ તેના ઊડવામાં ફરરર ફરરર થાય? તમે ખરા કવિ! કાકડીને દિલ્હીની દૂરે ધકેલો તો તે ચલાવી લઈએ જાણે, પણ આય ચલાવવું અમારે?

તમે જમ જમાજમ જાન્યુઆરી લાવીને ચપટી વગાડતાંમાં અમને ડાન્સ કરતા ડિસેમ્બર સુધી પહોંચાડી દીધાં એ બહુ ગમ્યું! ઝાડની ઉપર જૂન ચઢાવ્યો તો ભલે, પણ ડાળીએથી બાપડા જુલાઈને શું કામ પાડચો? ક્યાંક કોઈ ઝૂલે ઝુલાવ્યો હોત તો શું બગડવાનું હતું? પણ તમે તો અમારી નેહાડીનું કહ્યું કરનાર ને! તમે પાંચડાને પેંડા ખવડાવો ને ચોગડાને ચપટી ચણાયે ચણવા દો નહીં? એની તો બીચારાની રેવડી જ દાણાદાણ કરી નાખી તમે, એની ચડ્ડી ઊતરી જતી દેખાડીને!

પક્કાયે તમે બહુ છો! પોતે મજેદાર ફુગ્ગો પાળીને બેઠા અને પેલાં ગોર-ગોરાણી જેવાં બામણિયાં લોક, એમને બકરી પાળવાની સોંપી; બકરી પાળવાનું એ બામણભાઈને ફાવે કે? બકરી ન ભાગી જાય તો બીજું શું થાય? નેહા ભલે તમને બીજું-ત્રીજું સમજાવતી હોય.

બાકી, તમે પેલા ધન્તુ ધોબીના ગધ્ધુની, નવલભાઈને ઘેર ઘૂસેલા ચોરની તથા ટકામૂંડાવાળા ખાઉધરા નાથાભાઈની જે વલે કરી છે, વાહ વાહ! પેલી કાકડીની બાવાજીના હાથે શાકડી થઈ એય ઠીક થયું! પેલા પતરાજીખોર ચણાભાઈનું પાણીયે બરાબર ઉતારી કાઢ્યું! ચકલી જ ચણી ગઈ પહેલવાન ચણાજીને! પણ અમને બહુ મજા પડી ગોરબાપાની ચોટલીની વાતમાં. લટક લટક ચોટલી પોતે જ કાતરને જોઈને એકદમ કેવી મનાઈ ગઈ ને માની ગઈ ને ગાંઠમાં પંડે જ વળી ગઈ; ને એ સાથે પાછું ગોરબાપાનું લાડુનું જમણ: 'કટક બટક'! અમને તો 'કટક બટક' સાંભળતાં લાડુ ખાવાની ઇચ્છા થઈ આવી! તમારે હવે નીરજભાઈની સાથે અમને-ય જમવા બેસાડવાં પડશે. નીરજભાઈ ભલે ઘીમાં બોળી પૂરણપોળી જમે, અમે તો લચપચતા લાડુ પર જ હાથ અજમાવીશું ને આવા જમણ વખતે અમારા કાર્યક્રમમાં ભંગ ન પડે એય તમારે જોવું પડશે. પેલી બાપડી ચકલીની રાંધેલી ખીર બિલ્લી ઝાપટી ગઈ એવું અમારા જમણમાં ન થાય તે જોજો.

અમને આમ તો ખબર છે કે તમને તો નેહાની મમ્મી ને એનીયે મમ્મી ને એમ ઘણાંબધાં ઓળખે છે; પણ તમને કબૂતર ને વાડામાંનું ઝાડવુંયે ઓળખે છે એ મજાની બાબત છે. એમ તો અમારેય ઘણાં સાથે દોસ્તી છે, પણ અમે તો ઝાડવું ફૂલ દીધા પછીથી, હોઈયાં કરવાનું ફળ અમને આપશે ત્યારે જ કહીશું, 'એ તો મને ઓળખે છે.' અને તે વખતે તમારેય પાછું આટલું તો કહેવાનું જ — 'ભલે ભાઈ ભલે!'

અમે તો તમને બરાબર જાણી ગયાં છીએ. તમે અમને હસતાં-હસાવતાં, રમતાં-રમાડતાં, ગાતાં-ગવડાવતાં આંક ને પલાખાં ને એવું એવું કેટલુંયે શિખવાડી દેવાના છો, ને એ રીતે ક્યારેક અમને કવિતા કરતાં ન શિખવાડી દો તો જ નવાઈ. 'પોપટ ને કાગડો ને ચકલી

ને કાબર ને હોલો રે હોલો' એમાં અમેય અમારા દોસ્તોનાં નામ ગોઠવી શક્યાં છીએ: 'નીરજ ને નેહા ને ચંપક ને ચંદા ને ભોળો રે ભોળો!' કેવું અમારું આ કામ? ભલે તમે આજ હોઠ દબાવીને હસો, પણ આવતી કાલે તમારે અમારી જ કવિતા મોઢે કરવી પડશે. અમારો મોતી ડાધિયો ચાર નંબરનાં ચશ્માં નાકે ચઢાવી, ખુરશીમાં બિરાજી, પૂંછડી તાલમાં પછાડતો પછાડતો અમારી કવિતા તમને ફરજિયાત મોઢે કરાવશે ને ત્યારે અમારા સૌથી – આ નેહાડી સુદ્ધાંથી – મોઢું દબાવવા છતાં 'ખીખી' હસી પડાય એવું પણ બને. અને એ વેળાએ તમે પાછા નવા કાવ્યસંગ્રહનું નામ' ખીખી' કે એવું તેવું ન આપતા. તમે અમારી નકલ કરવામાં પૂરા પાવરધા છો ને પાછા! તમારાં આટલાં કાવ્યો તો અમારું એક જ દહાડાનું ખાજ. એ તો આજની સાંજની રમતમાં જ વપરાઈ જશે. બીજાં નવાં આવતી કાલ માટેય લખવાં જોઈશે. જોકે નવાં નહીં આવે તો આ કાવ્યોથીયે અમારું કામ તો રૂડી રીતે ચાલશે જ. તમારાં કાવ્યો મોટેથી ગાવા–ગવડાવવાનીયે એક લિજ્જત છે. ક્યાંક તમારી થોડી ગરબડને ગાતી વેળાએ અમારે મેળવીને સરખી કરી લેવી પડે છે, બાકી, અમે સમજીએ ને અમે માણીએ એવું ઘણુંબધું ચટાકેદાર અમને એમાં રમતની રીતે ને રમતની શરતે મળી રહે છે.

તો હવે બધાં આવી ગયાં છે, એટલે તમારાં ગીતો ગાઈશું, મોકળા મને ને મોકળા સૂરે. કાગળનો જવાબ આપવા જાતે જ આવજો, તાજાં રસદાર ગીતોની જલેબી લઈ ને.

લિ૦

**તમારી નેહાના દોસ્તો**

**તા. ક.** : તમારા ઘરમાંની ચકલી કેટલી રીતે 'ચીં' બોલે છે એય ધ્યાનપૂર્વક સાંભળીને આવજો. અમારે એ વિશે તમને કેટલુંક ખાસ પૂછવાનું છે, ને અમારી ચકલીના 'ચીં' વિશેય તમને કેટલુંક કહેવાનું છે.

— **ચં.**

# અનુક્રમ


પતંગિયું ... ૧
ચકલી અને ફરર ફરર ... ૨
નાનું કબૂતર ... ૩
બકરી ખોવાણી ... ૪
જમ જમાજમ ... ૬
કુચકુચ ... ૭
આવડે છે ... ૮
જંગલ જંગલ રમીએ ... ૧૦
ધમાચકડી ... ૧૧
નેહા/નીરજનો ગરબો ... ૧૨
ઉજાણી ... ૧૩
નેહાનું ગીત ... ૧૪
ફુગ્ગો ... ૧૫
શરદી અને શાક ... ૧૬
ભલે ભાઈ ભલે ... ૨૫
પાંચ ભાઈબંધ ... ૨૬
ગોરની ચોટલી ... ૨૭
ભમરડો ... ૨૮
નીરજભાઈ જમે ... ૨૯
કાકડીની ટૂર ... ૩૦
ચાલ રમીએ ... ૩૨
ચણો પહેલવાન ... ૩૩
નવલાભાઈની નવાઈ ... ૩૪
નાથાભાઈ અને ખાઉંખાઉં ... ૩૯
હિપ હિપ હુર્રે ... ૪૨
મને ઓળખે છે ... ૪૩
નીરજભાઈની મુસાફરી ... ૪૪
શું રે શું ... ૪૬


□

# પતંગિયું

નાનકડું એક પતંગિયું ભાઈ વેરી ગુડ
ફરરરર ફરરરર ઊડતું રે કાંઈ વેરી વેરી ગુડ

બારીમાંથી સરરરર આવ્યું વેરી ગુડ
ચક્કર ચારે તરફ લગાવ્યું વેરી ગુડ

ટેબલ ઉપર સરરરર બેઠું વેરી ગુડ
પંખા ઉપર સરરરર બેઠું વેરી ગુડ

સાઇકલ ઉપર સરરરર બેઠું વેરી ગુડ
દફતર ઉપર સરરરર બેઠું વેરી ગુડ

મારા ખભે ટપુક દઈને વેરી ગુડ
બેઠું ડાહ્યુંડમરું થઈને વેરી ગુડ

૧૮-૧૧-૭૯ | ૨.

# ચકલી અને ફરર ફરર

એક ચકલી આવી ફરર
બીજી ચકલી આવી ફરર
ત્રીજી કહે : ચાલો, ચણીએ દાણા

ત્રીજી ચકલી આવી ફરર
ચોથી ચકલી આવી ફરર
કહે પાંચમી : ચાલો, ગાઈએ ગાણાં

પછી પાંચમી આવી ફરર
પછી છઠ્ઠી આવી ફરર
કહે સાતમી : બેસો, મારીએ ગપાટા

પછી આઠમી ઊડી ફરર
પછી નવમી ઊડી ફરર
કહે દસમી : બધાં આવજો ... ટાટા

૪-૧૧-૭૯ | ૨.

## નાનું કબૂતર

એક કબૂતર નાનું
બહુ ગમે ઊડવાનું
ઊડ્યું છાનુંમાનું
તો કબૂતરના કાકા બોલ્યા : ઘૂ ઘૂ ઘૂ

કહે કબૂતર : ગાઉં
ડાળે ઝૂલવા જાઉં
તળાવમાં જઈ ન્હાઉં
તો કબૂતરના પપ્પા બોલ્યા : ઘૂ ઘૂ ઘૂ

કબૂતર તો રોતું
આંસુ આવ્યું મોટું
મમ્મી સામે જોતું
તો કબૂતરની મમ્મી બોલી : ઘૂ ઘૂ ઘૂ

૧૧-૬-૭૯ | ૨.

# બકરી ખોવાણી

ગોર અને ગોરાણી
તેની બકરી ખોવાણી

ગોર ઢીલા થાય છે
મોઢાં વીલાં થાય છે

ગોર આંસુ લૂછતા
બધે જઈ પૂછતા :

મારી બકરી ભાળી છે ?
રંગે સાવ કાળી છે

બધા કહે : રે ના ભાઈ,
બકરી નથી ભાળી ક્યાંય

બકરી તો ન જડે છે
ગોરાણી તો રડે છે

રોતાં રોતાં ગોરાણી
કહે : બકરી ચોરાણી

વાત હતી ખાસ્સી
બકરી ગઈ નાસી

બકરી વંડી ઠેકી ગઈ
તેને નેહા દેખી ગઈ

નેહા કહે : ગોરજી
કોઈ નથી ચોર જી

ગોરાણીથી ત્રાસી ગઈ
તેથી બકરી નાસી ગઈ

ઘાસ ન પૂરું ખાવા દે
બહાર પણ ના જાવા દે

બકરીબેનને મોટું દુઃખ
વારેવારે લાગે ભૂખ

આજે તેણે શોધ્યો લાગ
અને કરી ભાગમ્ભાગ

ખેતરમાં જઈ ચરે છે
ઠેકમ્ઠેકા કરે છે

૨૪-૫-૭૯ | મુ.

# જમ જમાજમ

જમ જમાજમ જાન્યુઆરી
નીરજભાઈ ખાય સોપારી
ફેબ્રુઆરી ખાય છે ધાણી
માર્ચની મમ્મી ભરતી પાણી
તડકામાં એપ્રિલ આળોટે
મે બેઠો છે એકલો ઓટે
ઝાડની ઉપર જૂન ચડ્યો છે
ડાળીએથી જુલાઈ પડ્યો છે
ઊંઘણશી ઑગસ્ટ ઊંઘે છે
ને સપ્ટેમ્બર ફૂલ સૂંઘે છે
ખાય ઑક્ટોબર ફળ છોલીને
ન્હાય નવેમ્બર નળ ખોલીને
દેખ, ડિસેમ્બર ડાન્સ કરે છે
છોકરાઓ ગોળગોળ ફરે છે

૧૬-૫-૭૯ | બુ.

# કચકચ

ચકચક ચકાફ્ક ચકચક
ચકચક ચકાફ્ક ચકચક

ચકીબેનને ચોખા લેવા જાવું છે
ચકાભાઈને એય...નિરાંતે ન્હાવું છે
ચકીબેનની સાથે ચકાભાઈ કરતા રકઝક

ચકચક ચકાફ્ક ચકચક
ચકચક ચકાફ્ક ચકચક

ચકીબેનને ડાળે બેસી ગાવું છે
ચકાભાઈને માળામાં સૂઈ જાવું છે
ચકાભાઈ બૂમ પાડતા: ના કર ખોટી બકબક

ચકચક ચકાફ્ક ચકચક
ચકચક ચકાફ્ક ચકચક

૯-૨-૮૦ | શા.

# આવડે છે

એકડો ન આવડે
બગડો ન આવડે
લંગડી લેતાં આવડે છે
મને લંગડી લેતાં આવડે છે
ત્રગડો ન આવડે
ચોગડો ન આવડે
વારતા કહેતાં આવડે છે
મને વારતા કહેતાં આવડે છે
પાંચડો ન આવડે
છગડો ન આવડે
ચપટી વગાડતાં આવડે છે
મને ચપટી વગાડતાં આવડે છે
સાતડો ન આવડે
આઠડો ન આવડે
મુન્ની રમાડતાં આવડે છે
મને મુન્ની રમાડતાં આવડે છે
નવડો ન આવડે
બવડો ન આવડે

કાન પકડતાં આવડે છે
મને કાન પકડતાં આવડે છે
દસડો ન આવડે
બસડો ન આવડે
ઊઠબેસ કરતાં આવડે છે
મને ઊઠબેસ કરતાં આવડે છે

૧૬–૧–૮૦ | બુ.

# જંગલ જંગલ રમીએ

જંગલ જંગલ રમીએ અમે જંગલ જંગલ રમીએ

નીરજભાઈ વાંદરો બની કરતો હૂપાહૂપ
ફૂદક ફૂદક ફૂદકા મારે, બેસતો નથી ચૂપ

શીલુ કાળી શાલ ઓઢીને મકનો હાથી થૈ
ડોલમ્‌ડોલા હાથની તેણે સૂંઢ બનાવી લૈ

વિપુલભાઈ વાઘ બન્યો છે, સૌને કરે હાઉ
મમ્મી, તારે કહેવાનું કે, ઓય મા, ભાગી જાઉં

કાજલ, પિનુ, નીલ ને નેહા: ઝાડ બન્યાં છે સહુ
એમને ઝાઝાં કામ છે મમ્મી, ઝૂલવાનું છે બહુ

જંગલ છીએ એટલે લેસન કરવાનું પણ નહીં
ડોળા કાઢે તોય પપ્પાથી ડરવાનું પણ નહીં

૨૪-૧૧-૭૯ | શ્રી.

# ધમાચકડી

એકડો સાવ સળેકડો
ને બગડો ડિલે તગડો
બન્ને બથ્થંબથ્થા બાઝી
કરતા મોઢાં ઝઘડો

ત્રગડો તાળી પાડે અને
નાચે તા તા થૈ
ચોગડાની ઢીલી ચડ્ડી
સરરર ઊતરી ગૈ

પાંચડો પેંડા ખાતો એની
છગડો તાણે ચોટી
સાતડો છાનોમાનો સૌની
લઈ ગયો બધી લખોટી

આઠડાને ધક્કો મારી
નવડો કહેતો : બસ
એકડે મીંડે દસ વાગ્યા
ત્યાં આવી સ્કૂલની બસ

૨૪-૬-૭૯ | ૨.

# નેહા / નીરજનો ગરબો

અમે પાટી ને પેન લીધાં હાથમાં રે લોલ
પછી પાટીમાં ચીતર્યું ઝાડ
પછી પાણીપોતાંથી ઝાડ ભૂંસિયું રે લોલ

પછી નાનકડી ચકલી ચીતરી રે લોલ
પછી ચીતરી ચકલીની ચણ
પછી પાણીપોતાંથી બધું ભૂંસિયું રે લોલ

ત્યાં તો પપ્પા કહે કે લખો એકડો રે લોલ
અમે કીધું કે લાગ્યો થાક
પછી મોટેથી તાણ્યો ભેંકડો રે લોલ

૧૯-૧૦-૭૯ | શુ.

# ઉજાણી

ચકલી બોલે કે ચીં ચીં ચીં
ઉજાણી કરીએ જી જી જી
કૂકડો બોલે કે કૂકરે કૂ
બોલો બનાવીએ શું શું શું
પોપટ બોલે કે કિર કિર કિર
આજે બનાવીએ ખીર ખીર ખીર
ચકલીબેને રસોઈ કરી
ભૂખ લાગી છે ખરેખરી
એવામાં આવી બિલાડી એક
તેણે લગાવી જબરી ઠેક
પૂરી ખાધી ને ખીર પી ગઈ
મોટી ઉજાણી બિલ્લીને થઈ

૧૭-૧-૮૦ | ગુ.

# નેહાનું ગીત

વંદાને તો લાંબી લાંબી મૂછ હોય
દાદાજીને લાંબી લાંબી મૂછ છે, હીહીહી
દાદાજી કૈં વંદો નથી

ઘેંટાને તો ધોળા ધોળા વાળ હોય
દાદીમાને ધોળા ધોળા વાળ છે, હીહીહી
દાદીમા કૈં ઘેંટું નથી

બિલ્લીબેનની આંખો હોય માંજરી
માંજરી તો કાકીનીયે આંખ છે, હીહીહી
કાકી કૈં બિલાડી નથી

વાંદરીની બેબી હોય વાંદરી
હું મમ્મીની બેબી છું, હીહીહી
હું તો કૈં વાંદરી નથી

૫-૧૦-૭૯ | શુ.

# ફુગ્ગો

કોઈ પાળે ફૂરફૂરિયું તો કોઈ પાળે ગાય
ભાઈ, ભાઈ, ભાઈ, મેં તો ફુગ્ગો પાળેલ છે

ફુગ્ગામાંથી બને કબૂતર
ફુગ્ગામાંથી ચક્કો
ફુગ્ગામાંથી બનતો જોકર
એને માથે ટક્કો

દોરી બાંધી ઉડાડીએ તો અધ્ધર અધ્ધર જાય
ભાઈ, ભાઈ, ભાઈ, મેં તો ફુગ્ગો પાળેલ છે

પપૂડા પર ફુગ્ગો બાંધું
તો વાજું થઈ જાય
પૈડા પર જોડું તો
મારી સાઇકલ સ્કૂટર થાય

ખિસ્સામાં મૂકું તો છાનોમાનો બેસી જાય
ભાઈ, ભાઈ, ભાઈ, મેં તો ફુગ્ગો પાળેલ છે

૨૮-૯-૭૯ | શુ

# શરદી અને શાક

ધન્નુ ધોબી
લાવે કોબી
કોબી લાવે
શાક બનાવે

ખાધા મીઠું
ખાધા મરચું
શાક બનાવે
ફરસું ફરસું

શાક રોટલો
ધન્નુ ખાતો
તોપણ ડિલે
રાતો માતો

એક ગધેડું
ધન્નુ પાસે
થોડું ભૂંકે
થોડું ખાંસે

ધન્નુભાઈને
એવું થાતું
કેમ ગયેલું
ખાંસી ખાતું?

નક્કી મોટી
શરદી થૈ છે
તબિયત એની
બગડી ગૈ છે

બંધ કરી દઉં
ખાંસી ખાતો
અને બનાવું
રાતો માતો

ધન્નુ ઊપડ્યો
ઝટપટ ઝટપટ
લઈ કોથળો
ફટફટ ફટફટ

એક કોથળો
લીધી કોબી
ઘેરે આવ્યો
ધન્નુ ધોબી

કોબી તેણે
તરત સમારી
પછી ટોપમાં
તરત વઘારી

ખોબે ખોબે
મીઠું નાખ્યું
પછી આંગળી
બોળી ચાખ્યું

ખોબે ખોબે
મરચું નાખ્યું
પછી આંગળી
બોળી ચાખ્યું

પાંચ બાલદી
પાણી નાંખ્યું
પછી આંગળી
બોળી ચાખ્યું

ચૂલો સળગે
ભડભડ ભડભડ
શાક થાય છે
સડસડ સડસડ

પછી શાકને
નીચે મૂક્યું
ત્યાં તો ક્યાંક
ગધેડું ભૂંક્યું

પછી નીકળ્યો
ચન્નુ પોતે
ગધ્ધા ભાઈને
જ્યાં ત્યાં ગોતે

ઉ ક ર ડે
ગધ્ધુ આળોટે
ધૂળ ઊડાડે
ગોટે ગોટે

કાન જોરથી
ધન્નુ તાણે
ઘેરે ખેંચી
જાય પરાણે

ઘેરે આવ્યા
ગ ધ્ધા રા ણા
ફ ળિ યા માં
ખીલે બંધાણા

ધસમસતો ત્યાં
ધન્નુ આવ્યો
ટોપ સાકનો
સાથે લાવ્યો

મૂકી ટોપ
ગધેડા આગળ
ધન્નુ બોલ્યો :
અલ્યા, સાંભળ

શાક બધું આ
તું જો ખાશે
પહેલવાન તું
મોટો થાશે

ગધ્ધાભાઈએ
મોઢું આળ્યું
શાક ટોપનું
અરધું ઢોળ્યું

શાક સૂંઘ્યું ને
થોડું ચાખ્યું
થૂ થૂ કરતાં
થૂંકી નાખ્યું

તીખું તીખું
તમ્મર જેવું
શાક છે રાતું–
ઘમ્મર જેવું

ખારું ખારું
અરર અરર
ખાતાં લાગે
ડરર ડરર

ગધ્ધુ શાક
બધું યે ઢોળે
ધન્નુ મોઢું
પકડી બોળે

ગધ્ધુ મોઢું
ઊંચું કરતો
ધન્નુ તેને
નીચું કરતો

ગધ્ધુ બોલે
હોંચી હોંચી
ધન્નુ એની
પકડે બોચી

ગધ્ધુ ખૂબ
ઉછાળા નાખે
ધન્નુ એને
પકડી રાખે

ગધ્ધુ ફેર-
કુદરડી ફરતો
ફરતો લાતમ્-
લાતા કરતો

સટાક દઈને
લાત ઉછાળી
ધન્નુ ભાઈને
દીધા ઢાળી

લાત વાગતાં
ધન્નુ ગબડયો
અરરર માડી
એવું બબડયો

ધન્નુ બોલે:
વાહ રે વાહ ભૈ
તબિયત સારી
ગધ્ધુની થૈ

શાક હજી તો
લગરીક ખાતાં
કરવા માંડયો
લા લ મ્ લા તા

મને લાત
ભલેને વાગી
પણ ગધ્ધુની
શરદી ભાગી

રોજ શાક
ખવડાવીશ એને
દા રા સિં ગ
બનાવીશ એને

૧૫-૧૨-૮૦ | શુ.

# ભલે ભાઈ ભલે

બીજમાંથી કૂંપળ ફૂટે, ભલે ભાઈ ભલે
કૂંપળમાંથી છોડ થાય, ભલે ભાઈ ભલે
છોડમાંથી ઝાડ થાય, ભલે ભાઈ ભલે
ઝાડમાંથી ડાળ થાય, ભલે ભાઈ ભલે
ડાળમાંથી ફૂલ થાય, ભલે ભાઈ ભલે
ફૂલમાંથી ફળ થાય, ભલે ભાઈ ભલે
ફળ કરીએ હોઈયાં, ભલે ભાઈ ભલે

૨૪–૯–૭૯ | સો.

# પાંચ ભાઈબંધ

પોપટ ને કાગડો ને ચકલી ને કાબર ને હોલો રે હોલો
લાવ્યાં કપાસનું કાલું કે ભાઈ ઝટ ફોલો રે ફોલો

હોલો ને કાબર ને પોપટ ને કાગડો ને ચકલી રે ચકલી
કાલું ફોલે ને રૂ કાઢે ને ફેરવે છે તકલી રે તકલી

ચકલી ને પોપટ ને કાબર ને હોલો ને કાગડો રે કાગડો
હારબંધ બેસીને કાઢે છે સૂતરનો તાગડો રે તાગડો

કાગડો ને હોલો ને પોપટ ને ચકલી ને કાબર રે કાબર
લાવ્યાં સાંઠીકડાંની સાળ ને વણે છે એક ચાદર રે ચાદર

કાબર ને ચકલી ને હોલો ને કાગડો ને પોપટ રે પોપટ
ઠંડી જો લાગે તો ચાદરને ઓઢી લે ઝટપટ રે ઝટપટ

૨૮-૬-૭૯ | શુ.

# ગોરની ચોટલી

અટક મટક ભાઈ અટક મટક
ગોરની ચોટલી લટક લટક
ગાંઠ વાળતાં વળે નહીં
થાય ચોટલી છટક છટક
ગોર કહે : ગોરાણી આવ
જલદી જલદી કાતર લાવ
કાતર ચાલે કટક કટક
ચોટલી કાપું ચટક ચટક
ચોટલી એ વાત સાંભળી ગૈ
તેથી હાંફળી ફાંફળી થૈ
ગોરને કીધું : અટક અટક
નહીં થાઉં કોઈ દી લટકલટક
ચોટલીની ગાંઠ વળી ગઈ
ગોરજી બોલ્યા : ખરી થઈ
લાડુ ખાધા કટક બટક
પાણી પીધું ઘટક ઘટક

૯-૭-૭૮ | સો.

# ભમરડો

એય... દોરી વીંટાળી હું ફેંકું –
ભમરડો ભમમમમમમમમમમ

ભાવે નહીં ચૉકલેટ કુલ્ફી ને બોર
ગમે નહીં લાકડાના પોપટ ને મોર
મને ખૂબ ગમતા ભમરડો ને દોર
હોય ખિસ્સું ભલેને ખાલીખમમમમમમમમમમમ

પપ્પા બજારમાંથી લૈ આવ્યા કાલ
નેહા, તું ચાલ, છોડ બીજી ધમાલ
મારા ભમરડાની જુઓ કમાલ
બધાં જોવા દોડે છે ધમાધમમમમમમમમમમ

૬–૭–૭૯ | શું.

# નીરજભાઈ જમે

આવો ભાઈ આવો
પાટલો પથરાવો
પછી એવું થાય
જમે નીરજભાઈ
નીરજભાઈ શેમાં જમે?'

નીરજભાઈની થાળી
ઝગમગતી રૂપાળી
નીરજભાઈનો વાડકો
લાગે બહુ લાડકો
નીરજભાઈ એમાં જમે...

ઘીમાં બોળી બોળી
પીરસો પૂરણપોળી
નીરજભાઈ ખાશે
જલદી મોટા થાશે
નીરજભાઈ કેવા જમે...

૪-૭-૭૯ | બુ.

# કાકડીની ટૂર

ફૂણી ફૂણી કાકડી
તેણે લીધી લાકડી
લાકડી તો વાંકડી
લાગે બહુ ફાંકડી

લાકડી તો ઠકઠક થાય
કાકડી તો ઝટપટ જાય
બહુ મલકાય છે
સૌને કહેતી જાય છે

વચ્ચે ના રોકાવું છે
મારે દિલ્હી જાવું છે
દિલ્હીમાં હમ ફરેંગે
ખૂબ મજા કરેંગે

ધબધબ કરતી ઊપડી
વચ્ચે આવી ઝૂંપડી
ઝૂંપડીમાં બાવાજી
બેઠા રોટી ખાવાજી

બાવો બોલ્યો કાકડી
થોડી ખા થાકડી
આવ, બેસ, પાણી લે
નાસ્તામાં ધાણી લે

કાકડી તો અંદર ગઈ
પછી જોવા જેવી થઈ
બાવાજીએ સમારી
તપેલીમાં વઘારી

હળદર મીઠું ભભરાવ્યાં
કાકડીબેનને કકડાવ્યાં
અને બિચારી કાકડી
બની ગઈ શાકડી

૨૧-૬-૭૯ | ગુ.

# ચાલ રમીએ

મેં તો રાજુને કીધું ચાલ, રમીએ
રાજુ બોલ્યો કે મારે ન્હાવું છે, રમવા નહીં આવું

મેં તો પિંટુને કીધું કે ચાલ, રમીએ
પિંટુ બોલ્યો કે લેસન કરવું છે, રમવા નહીં આવું

મેં તો નેહાને કીધું કે ચાલ, રમીએ
નેહા બોલી કે ફરવા જાઉં છું, રમવા નહીં આવું

મેં તો મમ્મીને કીધું કે ચાલ, રમીએ
મમ્મી બોલી કે ઘરમાં છે કામ, રમવા નહીં આવું

મારી સાથે જુઓ, કોઈ નથી રમતું
મને એકલા એકલા આમ, રમવું નથી ગમતું

૧૦-૨-૮૦ | ૨.

# ચણો પહેલવાન

એક ચણો ખાડામાં પડ્યો
પથ્થર વાગ્યો તેથી રડ્યો
અંતે આંસુ ખૂટ્યાં સાવ
ખાડામાંથી બન્યું તળાવ

ચણો તળાવમાં પલળી ગયો
તેથી જબરો જાડો થયો
ફરફરતી મૂછ ઊગી એક
અને ચણાએ મારી ઠેક

તાવ ચડાવે મૂછે ચણો
મલક મલક મલકાતો ઘણો
પછી કહે કે હું બળવાન
ફૂંક મારું તો પડે વિમાન

વાઘ તો ઉંદર જેવો છે
સિંહ છછૂંદર જેવો છે
પહેલવાન હું પાકો છું
હાથીડાનો કાકો છું

એવામાં એક ચકલી ચીં
ફરફર કરતી આવી જી
રાજી રાજી ઘણી થઈ
ચકલી ચણો ચણી ગઈ

૨૦–૬–૭૯ | મં.

# નવલાભાઈની નવાઈ

અંડેરી ગંડેરી ભાઈ, દે તાલ્લી
લે તાલ્લી
નવલાભાઈએ કરી નવાઈ, દે તાલ્લી
લે તાલ્લી
રાતે એને ઘેરે ભાઈ, દે તાલ્લી
લે તાલ્લી
ચોર ચોરી કરવા જાય, દે તાલ્લી
લે તાલ્લી
ચોર ચડ્યો છાપરે, દે તાલ્લી
લે તાલ્લી
ઘરમાં જુએ, બાપ રે...દે તાલ્લી
લે તાલ્લી
નવલાભાઈ નીંદરમાં રે, દે તાલ્લી
લે તાલ્લી
ચોર ઘૂસ્યા ઘરમાં રે, દે તાલ્લી
લે તાલ્લી
નવલાભાઈ ઘોરે છે, દે તાલ્લી
લે તાલ્લી

ચોર બધુંયે ચોરે છે, દે તાલ્લી
લે તાલ્લી
પોટલું વાળે ચોર જી, દે તાલ્લી
લે તાલ્લી
જુએ ચારે કોર જી, દે તાલ્લી
લે તાલ્લી
ગોખલામાં ડાબલી, દે તાલ્લી
લે તાલ્લી
એનો રંગ જાંબલી, દે તાલ્લી
લે તાલ્લી
ડાબલીમાં નક્કી રે, દે તાલ્લી
લે તાલ્લી
ઘરેણાંની વક્કી રે, દે તાલ્લી
લે તાલ્લી
ડાબલી લઈ ચોર જી, દે તાલ્લી
લે તાલ્લી
ખૂબ કરે જોર જી, દે તાલ્લી
લે તાલ્લી
ઢાંકણું તો ચપોચપ, દે તાલ્લી
લે તાલ્લી

ચોરભાઈ કરે લપ, દે તાલ્લી
લે તાલ્લી
અજમાવે છે જોર જી, દે તાલ્લી
લે તાલ્લી
તોય ન ફાવે ચોર જી, દે તાલ્લી
લે તાલ્લી
હાથમાંથી ગબડી ગૈ, દે તાલ્લી
લે તાલ્લી
ઓચિંતાની ઊઘડી ગૈ, દે તાલ્લી
લે તાલ્લી
ડાબલીમાં છીંકણી ભાઈ, દે તાલ્લી
લે તાલ્લી
સરરર સરરર ઊડતી જાય, દે તાલ્લી
લે તાલ્લી
ચોરને ઝિક્કમ્‌ઝિક્કા રે, દે તાલ્લી
લે તાલ્લી
થાતી છીંકમ્‌છીંકા રે, દે તાલ્લી
લે તાલ્લી
છીંકાછીંકથી નવલાભાઈ, દે તાલ્લી
લે તાલ્લી

નીંદરમાંથી ઝબકી જાય, દે તાલ્લી
લે તાલ્લી
રાડ પાડી મોટી રે, દે તાલ્લી
લે તાલ્લી
ચોરની પકડી ચોટી રે, દે તાલ્લી
લે તાલ્લી
ફાંફાં માર્યાં જોરથી, દે તાલ્લી
લે તાલ્લી
છટકાયું નહીં ચોરથી, દે તાલ્લી
લે તાલ્લી
નવલાભાઈ ના છોડતા, દે તાલ્લી
લે તાલ્લી
લોકો આવ્યા દોડતા, દે તાલ્લી
લે તાલ્લી
લોકો ગુસ્સે થઈ ગયા, દે તાલ્લી
લે તાલ્લી
ચોરને થાણે લઈ ગયા, દે તાલ્લી
લે તાલ્લી
એક જલેબી તેલમાં, દે તાલ્લી
લે તાલ્લી

ચોર બેઠો જેલમાં, દે તાલ્લી
લે તાલ્લી
ચોરે એવી કરી ધમાલ, દે તાલ્લી
લે તાલ્લી
નવલાભાઈએ કરી કમાલ, દે તાલ્લી
લે તાલ્લી
અંડેરી ગંડેરી ભાઈ, દે તાલ્લી
લે તાલ્લી
નવલાભાઈએ કરી નવાઈ, દે તાલ્લી
લે તાલ્લી

૨-૩-૮૦ | ૨.

# નાથાભાઈ અને ખાઉં ખાઉં

નાથાભાઈ ટકો મૂંડો ટાંઉં ટાંઉં ટાંઉં
આખો દિવસ કરતા એ તો ખાઉં ખાઉં ખાઉં

ટાઢું ઊનું ખાય છે
તોય ભૂખ્યા થાય છે
ઘરમાં ઝાઝું ખાય છે
તોય ભૂખ્યા થાય છે
હોટલમાં જઈ ખાય છે
તોય ભૂખ્યા થાય છે

એનું મોઢું કર્યા કરે ચાવ ચાવ ચાવ
નાથાભાઈ ટકો મૂંડો ટાંઉં ટાંઉં ટાંઉં

નાથાભાઈ કરે વેન
રાંધી આપે નાથીબેન
બપોરે ના મળે ચેન
રાંધી આપે નાથીબેન
રાતે ચડે આંખે ઘેન
રાંધી આપે નાથીબેન

નાથીબેન કહેતાં : ડાહ્યા થાવ થાવ થાવ
નાથાભાઈ ટકો મૂંડો ટાંઉં ટાંઉં ટાંઉં

નાથાભાઈને એવું થયું
ખાતાં જડબું ખસી ગયું
મોં ખુલ્લું ને ખુલ્લું રહ્યું
ખાતાં જડબું ખસી ગયું
ચાવી ચાવી થાકી ગયું
ખાતાં જડબું ખસી ગયું

ખાવું પીવું બંધ થયું છે સાવ સાવ સાવ
નાથાભાઈ ટકો મૂંડો ટાંઉં ટાંઉં ટાંઉં

નાથાભાઈ રડે છે
દડદડ આંસુ દડે છે
મોં પર કોઈ અડે છે
દડદડ આંસુ દડે છે
ભૂખ્યા રહેવું પડે છે
દડદડ આંસુ દડે છે

કેમ કહે કે : જમવાનું ઝટ લાવ લાવ લાવ ?
નાથાભાઈ ટકો મૂંડો ટાંઉં ટાંઉં ટાંઉં

ડૉક્ટરને બોલાવ્યા છે
ડૉક્ટર ઘેરે આવ્યા છે
ઇંજેક્શન મરાવ્યાં છે
ડૉક્ટર ઘેરે આવ્યા છે
પાટાઓ બંધાવ્યા છે
ડૉક્ટર ઘેરે આવ્યા છે

ડૉક્ટર બોલ્યા : અરરર, આવ્યો તાવ તાવ તાવ
નાથાભાઈ ટકો મૂંડો ટાઉં ટાઉં ટાઉં

ડૉક્ટર બોલ્યા : આવાનું
પાંચ દિવસ નહીં ખાવાનું
જડબું સારું થાવાનું
પાંચ દિવસ નહીં ખાવાનું
જડબું નહીં હલા'વાનું
પાંચ દિવસ નહીં ખાવાનું

ડૉક્ટર કહે : ટાટા, હવે જાઉં જાઉં જાઉં
નાથાભાઈ ટકો મૂંડો ટાઉં ટાઉં ટાઉં

૧-૩-૮૦ | શા.

# હિપ હિપ હુરે

હિપ હિપ હુર્રે, ગણ ભાઈ, ગણ
આપણા ભેરુ કેટલાં જણ ?

હિપ હિપ હુર્રે, એક બે ત્રણ
નેહા, નીરજ ને મુન્ની પણ

હિપ હિપ હુર્રે રમીએ ભાઈ
નીરજભાઈ વાંદરો થાય

હિપ હિપ હુર્રે હાઉ હાઉ હાઉ
નેહા કહે : હું બાઘડો થાઉં

હિપ હિપ હુર્રે : સૂ સૂ સૂ
મુન્ની કહે : હું જંગલ છું

હિપ હિપ હુર્રે ભારે થૈ
મમ્મી કહે કે હું બ્હી ગૈ

૨૯-૨-૮૦ | શુ.

# મને ઓળખે છે

મારી શેરીમાં કાળવી સૌને ભસે
અને હાઉ હાઉ બચકું ભરવા ધસે
મન ભાળીને ચૂપ થઈ જાય,
એ તો મને ઓળખે છે

મારા ફળિયે કબૂતર ઘૂઘવતાં
કોઈ ઓરું આવે તો ઊડી જતાં
મારા હાથમાંથી ચણ લૈ ખાય,
એ તો મને ઓળખે છે

મારા વાડામાં નાનકું ઝાડવું છે
મારે એનું નામ ભાઈબંધ પાડવું છે
મને રોજ રોજ આપે છે ફૂલ,
એ તો મને ઓળખે છે

મારી આંખોની કીકી નાનકડી
એમાં સોનપરી આવે છાનકડી
એ તો કરતી ઝુલ્લમઝૂલ,
એ તો મને ઓળખે છે

૨૯–૨–૮૦ | શુ.

# નીરજભાઈની મુસાફરી

ઘરરર કરતું વિમાન આવ્યું
સરરર કરતું સ્ટૉપ.
ભરરર કરતાં બધ્ધાં બેઠાં
હું યે બેઠો — ભાપ્પ્

મમ્મી બેઠી, પપ્પા બેઠા
બેઠી નેહાબેન
બારી પાસે હું બેઠો, તો
નેહા કરતી વેન.

ફરરર કરતું વિમાન ઊડ્યું
ખરરર ખરરર ઝૂમ
બારીમાંથી જોયું ત્યાં તો
બધાં મકાનો ગૂમ

ઢગલે ઢગલા વાદળ વચ્ચે
વિમાન છૂપાછૂપ
બીક બહુ લાગી નેહાને
એ તો થઈ ગઈ ચૂપ

મને થયું કે વિમાન મારું
હીંચક હીંચક હીંચે
ત્યાં તો કેવું ફરરરર કરતું
ઊતરી આવ્યું નીચે...

૩૦-૭-૮૦ | બુ.

# શું રે શું?

શું રે શું ભાઈ, શું રે શું?
મકનિયા વાંદરાની પૂછડીમાં જૂ

લાંબી લાંબી પૂછડી લટકે છે
જૂ-બેન ચપ્પ ચપ્પ ચટકે છે
કૂદે મકનિયો હૂપ હૂપ હૂ
મકનિયા વાંદરાની પૂછડીમાં જૂ

મકનિયો ખચ્ચ ખચ્ચ ખજવાળે
જૂ ને શોધે, પણ ના ભાળે
ચટકો ભરી જૂ થૈ જાય છૂ
મકનિયા વાંદરાની પૂછડીમાં જૂ.

૯-૮-૮૦ | શા.

C/o રમેશ પારેખ,
ભાટિયા શેરી, કવિશ્રી હંસ માર્ગ,
અમરેલી, તા. ૩૦–૪–૮૦

મારા નાનકડા દોસ્તો,

મારા પપ્પાને તમે કાગળ લખ્યો. પણ પપ્પા તો આળસુ છે. છે તે, મને થયું હું જ જવાબ લખું.

છે તે, આ 'ચીં'નાં ગીતો મારો ભાઈ નીરજ અને હું રોજ્જે ગાઈએ. અમને તો આ બધાં મોઢે આવડે હોં. તે છેને, મેં પપ્પાને કહ્યું કે પપ્પા, પપ્પા, મારા બધા દોસ્તો માટે ગીતની ચોપડી છપાવોને. પપ્પા કહે કે ભલે. ચોપડીનું નામ શું પાડશું? મેં તો ઝટ દઈને કહી દીધું: પપ્પા, આમાં વારેવારે ચકલીનું નામ આવે છે તે ચાલોને, ચીંચીંચીં નામ પાડીએ.

પણ પપ્પા થોડા કંજૂસ ખરાને? ચોપડીનું નામ એકલું 'ચીં' રાખ્યું.

તો છે તે, તમને આ બધાં ગીત ગમે તો ગાજો અને બીજા બધા દોસ્તારોને પણ ગવરાવજો...... હું તમારે ઘેર આવીશ ત્યારે આપણે સૌ ભેગાં મળીને કરશું ગીતોની ઉજાણી ને ધમાચકડી......

પણ એક વાત કહું?

અમદાવાદમાં ઝૂલતા મિનારા છે તેની વાત સાંભળી છેને? એવી બીજીયે ઘણી અજાયબીઓ છે, અમદાવાદમાં. છેને તે એક અજાયબી છે — ચંદ્રકાન્ત અંકલ પોતે. આમ તો એ મો...ટ્ટા છે પણ ધારે ત્યારે આપણા જેવડા બની શકે. (હીહીહી...છે તે, કાનમાં કહું એક વાત. પપ્પા બીએ છે. હા, ચંદ્રકાન્ત અંકલથી. પપ્પા ભંગાર ગીતો લખે ત્યારે છેને, તે પપ્પાનાં અને ગીતોનાં છોડિયાં પાડી નાખે, ચંદ્રકાન્ત અંકલ.)

પપ્પાને કહ્યું : તમને મારા દોસ્તોએ આ મોટ્ટો બધો કેવો સરસ કાગળ લખ્યો છે? તમે તેમને થેંક્યુ નહીં લખો?

પપ્પા કહે : બેટા, તારા દોસ્તોના નામે કોણે આ પત્ર લખ્યો છે, જાણે છે? — ચંદ્રકાન્ત અંકલે......

મેં છે તે પપ્પાને પૂછ્યું : આ ચંદ્રકાન્ત અંકલ કોણ છે? પપ્પા કહે : જરા ધીમે બોલ. બધા એને ચંદ્રકાન્ત શેઠ કહે છે. એને થેંક્યુ-બેંક્યું લખું તો મારી ચામડી ઉતારી નાખે.

મેં છેને તે, પૂછ્યું : હેં પપ્પા, આ ચંદ્રકાન્ત અંકલ એવા મોટા દાદા છે?

પપ્પા ધીમેથી કહે : હા બેટા; ચંદ્રકાન્ત અંકલ અમદાવાદના જાણીતા દાદૂ માણસ છે.

પછી પપ્પા કહે : તારે એની વાત સાંભળવી છે? એક વાર એમની મૂછનું પાણીયે ઊતરી ગયેલું...

નીરજ કહે : એ વાત કહોને...

તમારી જેવાં ભૂલકાં ચંદ્રકાન્ત અંકલને ઉપાડી ગયાં જંગલમાં, જંગલની પરી પાસે. ઝાડની સાથે બાંધ્યા. પરી કહે : આ ભૂલકાંને મજા પડે એવાં ગીત લખો, ઝટપટ.

મેં પૂછ્યું : પછી?

પપ્પા હસી પડ્યા : પછી શું? લખ્યાં! લખવાં પડ્યાં બાપડાને! નીરજ અને હું હસી પડ્યાં. અમને તો ભઈ વાત સાંભળી મજા પડી ગઈ...ચંદ્રકાન્ત અંકલનેય અમને ગમતું લખવું તો પડ્યું જ.

છે ને તે મને બહુ લાંબું લખતાં ન આવડે, નાની છું ને, એટલે... હજુ તો લેસન બાકી છે એટલે હવે પત્ર નહીં લખું, તમે લખજો, હોને...

લિ૦ **તમારી બહેન નેહાનાં ચીંચીં**

શ્રી હરિ ૐ આશ્રમ પ્રેરિત

# • નીલકંઠ બાલોપયોગી ગ્રંથમાળા •

| | | |
|---|---|---|
| કસ્તૂરખા | સોમાભાઈ ભાવસાર | ૨-૦૦ |
| નવાં ગીતો ભાગ ૩ | ત્રિભુવન વ્યાસ | ૧-૨૫ |
| ફૂલવાડી | સ્વ. નિરંજન સરકાર | ૦-૭૫ |
| ધરતીની મહેક | વસંત નાયક | ૧-૦૦ |
| બીલીપત્ર | મહીપતરામ જોશી | ૨-૦૦ |
| તૈયાર હો | વસંત નાયક | ૨-૫૦ |
| દાદાજી, વારતા કહો ને ! | મુકુલભાઈ કલાર્થી | ૨-૦૦ |
| બીજીની કિશોર કથાઓ | ડૉ. યોગેન્દ્ર વ્યાસ | ૨-૦૦ |
| ચાલો, આપણે ભજવીએ | ચન્દ્રવદન શુકલ | ૨-૦૦ |
| નાનપણની વાતો | મુકુલભાઈ કલાર્થી | ૨-૦૦ |
| નાના છતાં મોટા | ઉપેન્દ્ર ભટ્ટ | ૨-૫૦ |
| પગલે પગલે પ્રકાશ | મુકુલભાઈ કલાર્થી | ૨-૫૦ |
| સાત ચરિત્રો | નગીનદાસ પારેખ | ૭-૦૦ |
| દે તાલી | રમેશ પારેખ | ૨-૫૦ |
| હાઉક | રમેશ પારેખ | ૨-૦૦ |
| ગુલાબી આરસની લગ્ગી | હરિકૃષ્ણ પાઠક | ૭-૦૦ |
| તોફાન | યોસેફ મેકવાન | ૨-૦૦ |
| જંગલ જીવી ગયું રે લોલ | ઇન્દુ પુવાર | ૩-૫૦ |
| ફૂલડે ફૂલડે ફોરમ | મુકુલભાઈ કલાર્થી | ૨-૫૦ |
| સરવરિયાં | અમૃતલાલ છ. પારેખ | ૨-૦૦ |
| ચાંદલિયાની ગાડી | ચંદ્રકાન્ત શેઠ | ૨-૨૫ |
| ચાલો રમીએ નાટક નાટક | પ્રકાશ લાલા | ૩-૫૦ |
| પારિજાતનાં ફૂલ | મુકુલભાઈ કલાર્થી | ૩-૦૦ |
| રુમ્મક ઝુમ્મક | રવીન્દ્ર ઠાકોર | ૩-૦૦ |
| તરાપો | ઝીણાભાઈ દેસાઈ | ૭-૦૦ |
| ઉજાણી | ઝીણાભાઈ દેસાઈ | ૪-૦૦ |

□

પ્રાપ્તિસ્થાન

## ગુજરાતી સાહિત્ય પરિષદ : અમદાવાદ

ટાઈમ્સ ઑફ ઇન્ડિયાની પાછળ, આશ્રમ રોડ, **અમદાવાદ** – ૩૮૦૦૦૯

આવરણ : આદિત્ય મુદ્રણાલય - રાયખડ - અમદાવાદ-૧